# શ્રી એચ.એ. શાહ, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,

## રેફરન્સ (આઈ.ટી.) નં.૫૦/૨૦૧૨

## <u>વિષય : આંક–૨૮ ની અરજીનો હુકમ</u>

અરજી વંચાણે લીધી. બીજા પક્ષકાર તરફે હાલની અરજી કરી અરજીમાં જણાવેલ પેરા–૧ માં

(અ) પ્રથમ પક્ષકાર સંસ્થાએ, લોઝર અમલમાં લાવતા પહેલા આઈ.ડી. એકટની કલમ–૨૫/એફ/એફએફ ની જોગવાઈના પાલન ન કરેલ હોય તો તેની નકલ તથા જરૂરી સરકારી કચેરીને કલોઝરની જાણ કરેલ હોય તેમજ સમુચિત સરકારની કોઈ પૂર્વ પરવાનગી લેવામાં આવેલ હોય તો તેની નકલ,

(બ) સંસ્થાના જવાબના પેરા–૫ મુજબ તા.૧૧/૧૦/૧૦ થી બંધ કરવાની અને તેને કારણે કલોઝર જાહેર કરવા સંબંધે અને તેથી કંપનીના કામદારોને કામગીરી સોંપી ન શકવાના સંજોગો અને પરિસ્થિતિની જાણ કામદારોને નોટીસ બોર્ડ પરની નોટીસ તથા વ્યકિતગત નોટીસથી જે તે તમામ કામદારોને પ્રથમ પક્ષના કંપનીએ લેખિત જાણ કરી હતી તેની નકલ,

(ક) સંસ્થાના જવાબના પેરા–૫ મુજબ કલોઝરનાં કારણસરની નોકરી સમાપ્ત થવાને કારણે તેઓના નીકળતા અને મળવા પાત્ર હકક હિસ્સા કંપનીમાં આવી મેળવી લેવા જણાવેલ તેમજ કામદારના મળવા પાત્ર હકક હિસ્સા પૈકીની રકમ અને પત્ર જે તે અસરકૃત કામદારને મોકલાવેલ તેની નકલ, માંગ્યા મુજબના દસ્તાવેજો રજુ કરવા કરેલ છે.

ઉપરોકત વિગતો જોતાં પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી દસ્તાવેજો રજુ કરાવવાની માંગણી કરેલ છે. જેમાં પેરા–૧(અ) જોવામાં આવે તો તેમાં કંપનીએ સરકારી કચેરીના કલોઝરની જાણ કરેલ હોય તો તેની પૂર્વ પરવાનગીની નકલ માંગેલ છે. જે જોતાં બીજા પક્ષકાર ગુજરાત કામદાર સભા એ હકીકત અંગે ચોકકસ નથી કે કંપનીએ કલોઝર કરેલ છે અને તેની પરવાનગી માંગેલ છે. પેરા–૧(બ) માં જણાવ્યા મુજબ તા.૧૧/૧૦/૧૦ થી કંપની બંધ થઈ ગયેલ અને તેને કલોઝર જાહેર કરવા સંબંધે તેને નોટીસ બોર્ડ પરની નોટીસ તથા વ્યકિતગત નોટીસથી કંપનીના કામદારોને લેખિત જાણ કરેલ તે નકલ રજુ કરાવવાની માંગણી છે. આ નકલ જાહેર નોટીસ બોર્ડ પર મુકેલ હોય અને તેના જે બીજા પક્ષકાર યુનિયન છે. ગુજરાત રાજય કામદાર

સભાને પણ તેની નકલ મોકલેલ હોય તેની નકલ ગુજરાત રાજય કામદાર સભા પાસે હોય. તેથી તે નકલ ફરીથી અત્રે માંગવા માટેનું કોઈ કારણ જણાય આવતું નથી.

ઉપરોકત ૧(અ) માં માંગેલ કલોઝરની નકલ માટે પણ સંબંધિત સરકારી સંસ્થા પાસેથી મેળવી શકાતી માહિતી છે તથા ૧(ક) માં નોકરી સમાપ્ત થવાને કારણે તેઓના નીકળતા અને મળવા પાત્ર હકક હિસ્સો મેળવી લેવા જણાવેલ. તેનો પત્ર કામદારોને મોકલેલ તેવું ગુજરાત રાજય કામદાર સભાનું કહેવું છે. તેવો કોઈ પત્ર સંસ્થાએ કે કામદાર સંઘે રજુ કરેલ નથી. આ દસ્તાવેજો તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થાના જવાબ ઉપરથી અનુમાનના આધારે માંગેલ છે. જે મળી શકે નહી અને ૨૦૧૦ ના વર્ષમાં થયેલા દસ્તાવેજો અંગે ૧૪ વર્ષ પછી માંગણી કરવામાં આવેલ છે. જે પ્રથમ દર્શનીય રીતે મળવાને પાત્ર હોવાનું જણાતું નથી. હાલના કેસમાં બીજા પક્ષકાર તરફે સોગંદ ઉપરની જુબાની પણ આંક–૨૭ થી રજુ થઈ ગયેલ છે.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૨૯ થી હાલની અરજીનો લેખિત જવાબ રજુ કરી બીજા પક્ષકારે હાલની અરજી માત્ર કેસ લંબાવવા માટે કરેલ હોવાની રજુઆત કરેલ છે.

આ કામે કાયદાકીય પરિસ્થિતિ જોવામાં આવે તો ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કલમ–૧૧(૩) હેઠળ અત્રેની ટ્રીબ્યુનલને દસ્તાવેજો મંગાવવા કે તેના ઈન્સ્પેકશન માટે હુકમ કરવાની સત્તા છે. પરંતુ તે સત્તાનો ઉપયોગ માત્ર યોગ્ય કારણ હોય તો જ કરી શકાય. આ પ્રકારની સત્તાઓ માત્ર ફીસીંગ ઈન્કવાયરી કે તપાસ કરવા માટેના હેતુથી છે. સામાપક્ષને પરેશાન કરવાના હેતુથી આવી સત્તાનો ઉપયોગ કરી શકાય નહી. પક્ષકારે અગાઉ આ દસ્તાવેજો મેળવવા કોઈ જગ્યાએ કોઈ પ્રયત્ન કરેલ ન હોય અને શા માટે આ દસ્તાવેજો જરૂરી છે તેનું પણ કારણ દર્શાવેલ ન હોઈ તો આ પ્રકારની સત્તાનો ઉપયોગ કરી શકાય નહી તેવું **મેસર્સ કિનારીવાલા આર.જે.કે. ઈન્ડસ્ટ્રીઝ વિ. માયટી લેબર એસોસીએશનની ઓથોરીટી સ્પે.સી.એ.નં.૬૫૨૦/૮૮ માં તા.૧૨/૮/૯૨** ના રોજ આપેલ જજમેન્ટમાં નામ. વડી અદાલતની ડીવીઝન બેંચે ઠરાવેલ છે. તદઉપરાંત **૧૯૭૫ લેબ આઈ.સી. ૫૧૭ એસ.સી.એ.નં.૨૪૦૮/૭૨** માં પણ ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કલમ–૧૧(૩)(બી) હેઠળ કોર્ટને આ પ્રકારની સત્તાઓ આપવામાં આવેલ છે. પરંતુ આ ઓથોરીટીમાં ઠરાવ્યા અનુસાર તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, It is settled position in law that a party to any litigation cannot be permitted to embark on a fishing or roving inquiry in the hope that some material will come to hand on the

basis of which he can set out his case.

ઉપરોકત નામ. વડી અદાલતનું અવલોકન જોતા માત્ર કેટલીક માહિતી મેળવી તેનો ઉપયોગ કરી પોતાનો કેસ ઉભો કરવા માટે આવી સત્તા વાપરી શકાય નહી તેમ ઠરાવેલ છે. તદઉપરાંત નામ. વડી અદાલતની સીવીલ રીવીઝન એપ્લીકેશન ૧૯૦૦/૯૯ તા.૨૮/૬/૦૧ ના રોજ નિર્ણિત થયેલ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનના એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા વિ. વસંત એન. મોદીના કેસમાં પણ સી.પી.સી. ઓર્ડર–૧૧, રૂલ–૧૨ ની જોગવાઈઓની ચર્ચા કરી નામ. વડી અદાલતે સામાપક્ષને પ્રશ્ન કરવા માટેનો નહી પરંતુ નિર્ણયના હેતુસર આવી સત્તાઓનો ઉપયોગ થઈ શકે. દસ્તાવેજો રીલેવન્ટ હોવા જોઈએ તો જ આવો હુકમ થઈ શકે તેમ ઠરાવેલ છે.

ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ જોતાં અરજીમાં જણાવેલ દસ્તાવેજો રજુ કરવા માંગણી કરેલ છે કે, જે કંપની ૨૦૧૦ માં બંધ થઈ ગઈ હોય તેને અત્રે રજુ કરવા હુકમ કરવા માટેનો કોઈ હેતુ કે તેવો કોઈ કેસ પણ જણાય આવતો ન હોઈ અરજીમાં માંગેલ દાદ મળી શકતી નથી. જો કે કામદારોની પરિસ્થિતિ ધ્યાને લેતાં ભારે ખર્ચનો હુકમ કરવો ન્યાયીક જણાતું નથી. તેથી આ અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) અરજદારની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**સ્થળ : સુરત.**
**તારીખ : ૧૩/૧૨/૨૦૨૪.**

**(એચ.એ. શાહ)**
**સભ્ય,**
**ઔધોગિક અદાલત, સુરત.**